ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : cebknmu@gmail.com

પરીપત્ર:

**વિષય: ઉત્તરવહી ચકાસણીના મહેનતાણાના દરોમાં ફેરફાર કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તથા પ્રાધ્યાપકશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદી-જુદી વિદ્યાશાખાઓની પરીક્ષાઓની ઉત્તરવહીની ચકાસણીના મહેનતાણાના દરો એક્ઝિક્યુટીવ કાઉન્સિલ ના ઠરાવ ક્રમાંક ૧૯.૦૫ અનુસાર યુ.જી. કક્ષાની પરીક્ષાઓની ઉત્તવરહી ચકાસણી માટે રૂા.૯/- પ્રતિ ઉત્તરવહી તથા પી.જી. કક્ષાની પરીક્ષાઓની ઉત્તરવહી ચકાસણી માટે રૂા.૧૦/-પ્રતિ ઉત્તરવહી નક્કી કરવામાં આવેલ હતા.

ઉક્ત બાબતે જણાવવાનું કે Covid-19 વૈશ્વિક મહામારીને ધ્યાને લઇ અત્રેની યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓનાં પ્રશ્નપત્રનાં પરીરૂપમાં ફેરફાર કરવામાં આવેલ અને ૭૦ માર્કસની જગ્યાએ માત્ર ૪૨ માર્કસનું પેપર નક્કી થયેલ છે. આથી યુ.જી. કક્ષાની પરીક્ષાઓની ઉત્તરવહી ચકાસણી માટે રૂા.૭/- પ્રતિ ઉત્તરવહી તથા પી.જી. કક્ષાની પરીક્ષાઓની ઉત્તરવહી ચકાસણી માટે રૂા.૮/-પ્રતિ ઉત્તરવહી નક્કી કરવાનું ઠરાવવામાં આવેલ છે જેની સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

Dhsukhadev
પરીક્ષા નિયામક

ક્રમાક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૪૭૮/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૨/૧૨/૨૦૨૦

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનના વડા તેમજ તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે.